# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૮/૦૫/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૧૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૯ લીટર દેશી દારૂ, ૩૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૨૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૨૧/૨૦૨૫**

**આનંદનગરઃ** ચિરાગભાઇ સ/ઓ ગોકુળદાસ પટેલ (ઉ.વ.૪૯)(રહે.બંગ્લા નંબર-૦૪, શીવાલીક બંગ્લોઝ, મધુર હોલની બાજુમા, આનંદનગર) એ તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૫ બપોરના ૧/૪૫ થી તા.૨૭/૦૫/૨૦૨૫ બપોરના ૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના રસોડાના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, પહેલા માળે આવેલ બેડરૂમના કબાટમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પાંડોર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૨૨/૨૦૨૫**

**સાબરમતીઃ** કરૂણેશકુમાર સ/ઓ ગંગાસહાય જાટ (રહે, શ્રીલક્ષ્મી બાલાજી હેરીટેજ અડાલજ ગાંધીનગર) એ તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધી સાબરમતી ન્યુ રાણીપ કલાસાગર ફ્લેટની સામે ઈન્ડસ ટાવરમાં જીયો કંપનીના એન્ટીના લગાવવા ગયેલ હતા. જ્યાં સાત RRH એન્ટીના લગાવેલ અને સાંજ થઇ જતા બાકી રહેલ ચાર RRH એન્ટીના ટાવરની બાજુમા મુકી કરૂણેશકુમાર જાટ નાઓ પોતાના ઘરે જતા રહ્યા હતા અને બીજા દિવસે તા.૨૪/૦૫/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગે ઈન્ડસ ટાવર ખાતે આવતા ટાવરની બાજુમા મુકેલ ચાર RRH એન્ટીના જેમાથી (૧) RRH 2300 BAND નંગ-૨ એન્ટીના કિંમત રૂપિયા ૨,૩૮,૦૯૪/- અને (૨) RRH 850 2T2R નંગ-૧ એન્ટીના કિંમત રૂપિયા ૭૦,૯૧૨/- મળી કુલ રૂપિયા ૩,૦૯,૦૦૬/- મતાના એન્ટીનાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.રાજપુત ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૭૨૩/૨૦૨૫**

**ગુજરાત યુનિવર્સીટીઃ** રામપ્રવેશ સ/ઓ શોભીત પાસવાન (ઉ.વ.૨૮)(હાલ રહે.રૂમ નંબરઃ–૦૯, પહેલો માળ, શ્રીનાથજીનગર વિભાગ–૦૧, વાળીનાથ ચોક, નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૫ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં છતની એંગલ સાથે રૂમાલ બાંધીને ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઉમેશકુમાર વાસુદેવભાઇ ચલાવે છે.

**વાડજઃ** વિકાસભાઈ મોતીભાઈ મકવાણા (ઉ.વ.૪૦)(રહે,રાધાકૃષ્ણ એપાર્ટમેન્ટ સુરગીરી એપાર્ટમેન્ટની બાજુમાં વાસુકીનગર વિજયનગર રેલવે ક્રોસિંગની બાજુમાં જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૫/૨૦૨૫ ના કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૫/૨૦૨૫ સવારના ૫/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી